GJSK040033982025

**ફોજદારી ઈન્કવાયરી નં– ૧૪/૨૦૨૬**

**<u>આંક–૧ લગત હુકમઃ–</u>**

ફરિયાદીની ફરિયાદ દાખલ થતા ભારતીય નાગરિક સુરક્ષા અધિનિયમની કલમ ૨૨૩(૧) અન્વયે આરોપીને હાજર રહી સાંભળવા માટે નોટીસ કાઢવામાં આવેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટના SANJABIJ TARI VS KISHORE S BORCASE & ANR, CRIMINAL APPEL NO. 1755/2010, DT. 25/09/2025 નાચુકાદામાં જણાવ્યા મુજબ એન. આઈ. એકટના કેસમાં કોગ્નીજન્સ લેતા પહેલા બી.એન.એસ. એસ. ની કલમ–૨૨૩ મુજબ આરોપીને સમન્સ કરવાની જરુર નથી.

તેમજ આ કામે આરોપી અત્રેની કોર્ટના જયુડીકશનની બહાર રહેતો હોય ભારતીય નાગરિક સુરક્ષા અધિનિયમની કલમ ૨૨૫(૧) અન્વયે ઈન્કવાયરી માટે રાખવામા આવે છે.

ફરિયાદી વિ.વ.શ્રીને નેગો ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના આવશ્યક તત્વો બાબતે સાંભળ્યા, ભારતીયા નાગરીક સુરક્ષા અધિનિયમની કલમ ૨૨૫(૧)અન્વયે ઈન્કવાયરી કરતાં આ કામના આરોપી લોન એજન્ટ છે અને આ કામના ફરીયાદીને લોનની જરુરીયાત હોઈ આ કામના આરોપીનો સંપર્ક કરેલ અને લોન મંજુર થતાં આ કામના આરોપીએ ફરીયાદીના ખાતામાં ફરીયાદીના ચેકનો દુરઉપયોગ કરીને રુ– ૮૮,૦૦૦/– ની રકમ ઉપાડી લીધેલ હતી અને આ રકમની પૈકી રુ– ૪૦,૦૦૦/– નો ફરીયાદ વાળો ચેક આપેલ હતો અને બાકી રકમ રોકડા ચુકવી આપવાનો વાયદો કરેલ હતો અને ફરીયાદીએ આ ચેક નિયત મુદતમાં બેંક માં જમા કરાવતા તે ફંડસ ઈનસફીસીયન્ટ ના કારણસર પરત ફરેલ છે.ત્યારબાદ ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં આરોપીને તેમની લેણી રકમ ચુકવવા માટે વકીલ મારફતે લીગલ નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીને બજી જતા ફરિયાદીએ દિન–૧૫ બાદ નિયત સમયમર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરેલ છે.આમ આરોપી વિરૂધ્ધ એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુના માટે પ્રોસેસ કાઢવા માટે પુરતુ મટીરીયલ જણાતુ હોય. ભારતીય નાગરિક સુરક્ષા અધિનિયમની કલમ ૨૨૭ અન્વયે આરોપી વિરૂધ્ધ એન.આઈ.એકટની કલમ–૧૩૮ ના ગુના અંગે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.ફરિયાદ ક્રિમિનલ કેસ રજીસ્ટરે નોધવી. **મુદત તા.૩૦/૦૫/૨૦૨૬**

આ હુકમ આજરોજ તારીખ.૨૮ મી માહે એપ્રિલ સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૪ /૨૦૨૬
મુ ઈડર

(રોહિત જીવણભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટ, ઈડર
જજ કોડ નં.જીજે૦૧૦૦૩